શ્રી

પ્રાનસર મહાવીર સ્વામીનું

વર્ણન.

કળીયુગમાં પ્રતક્ષ ચમત્કાર.

દોહરો–પ્રથમ કરીએ પ્રાર્થના જીનવર શ્રી મહાવીર
પ્રેમ ધરીને પુજીએ નીત્ય નમાવી શીર.

આ બુકના છપામણુ જતા અડધા પૈસા શ્રી મહાવીર
સ્વામીના ભંડારમાં જવાના છે.

સ્થી છપાવી પ્રસીદ્ધ કરનાર,

કેશવલાલ મગનલાલ ગુલાબચંદ

મુ૦ વડુ તાબે કડી.

અમદાવાદ–પીરમશાના રોજા પાસે શ્રી સત્યસાગર પ્રીન્ટીંગ
પ્રેસમાં પટેલ પોચાભાઇ ચકુભાઇએ છાપી.

પ્રથમ આવૃત્તિ સને ૧૯૧૦ પ્રત ૨૦૦૦

કિં. ૦-૬-૯

સરસ્વતિસ્તુતી.

ગુરૂગ ગૌતમને લાગુ પાય. માત સરસ્વતિ થાઓ સહાય.
કવી નથી હુ મુરખ રાય હેતે તારા પણ ગુણ ગવાય.
નથી પઢયો હુ પીંગળ પાઠ નથી ઓળખતો ગણુઆઠ
તુજ કૃપાથી દુખ સહુ ટળે. તુજ કૃપાથી નવ નિધ મળે
તુજ કૃપાથી પામે માન તુજ કૃપાથી સોભે વાન.
તુજ કૃપાથી વર્ણન થાય દાશ કેશવ તુજ પ્રમાણે પાય.

મહાવીરસ્વામી પ્રગટ થયા તેનુ વર્ણન.

શ્રી. કલોલ તાબે પાનસર ગામ છે તે પ્રથમ ઘણુ મોટું ને પાનાપુરનામે સેહરથી ઓળખાતુ હતું તે હાલના બારીક સમયના લીધે એક ગામ તરીકે પ્રખ્યાત છે તેમાં હાલ વસ્તી ૭૦૦ ઘરના આસરે છે. તેમાં જૈન શ્રાવકનાં ઘર ફકત ત્રણુજ છે. ને વીશાદેશાવાળ વાર્ણીઆનાં ઘર ચાલીસ છે ને ગામમાં અઢારે વરણુની વસ્તી છે. તેમાં ઉગમણી દીશાએ રાવળીઆનો વાસ છે. તે વાસમાં સં. ૧૯૬૬ ના શ્રાવણ સુદી ૮ ને શનીવારના દીવસે નાયક શંકર દલસુખની સ્ત્રી નામે રેવા મજુરીઆં લેવા ગયેલ તે વખતે રાવળ જલા તેજાના માટીના ઘરના ઉગમણા બારણાના આગલા ભેઠામાં આરસના પથ્થરનો દેખાવ બાઇ રેવાને થયો તે વખતે બાઇ રેવાએ રાવળ જલાની ભાર્યાનાં મેં સંતોક ને કહયું કે. આ પથ્થર મુવાળો ને ચળકતો છે તો

ખશ કરવા સારૂ કાંઠી આપ ત્યારે બાઈ સંતો કે કહ્યું કે કાલે આવજે તને કાઠી આપી શું. તે વખતે બાઈ રેવા મજુરીઆં લઇને ગઇ બીજા દીવસે એટલે શાવણ સુદી ૯ ને રવીવારના દીવસે સવારના સાત વાગ્યાના સુમારે બાઈ રેવા રાવળ જલાના ઘેર આવી બાઈ સંતોકને ઘરમાંથી બોલાવી બન્ને મળી દાતરડાથી ખોતરી પથ્થર કહાડવા માં ડયો તે જેમ જેમ ખોતરતા ગયા તેમ તેમ ગુતી નો દેખા વ જણાવા લાગ્યો ત્યારે તેમણે વીચાર્યું કે. આતો કોઇ દેવની મુર્તિ છે. એમ જાણી સાચવીને ખોતરવા માંડયુ તો પ્રતિમાજી બરાબર કેશરના લેપનથી જોવામાં આ વ્યાં તે વખતે જલાને બોલાવી ત્રણ જણે પ્રતિમાજી બહાર કાઢયા ને એક દમ જેસો ગામમાં જઈ ચોટામાં તથા ઘરો ઘરવધામણી આપી કે મારા ઘેર પ્રભુ પધાર્યા છે તે વખતે ગામના આગેવાન તથા જૈન ભાઇઓ મળી રાવળીઆના ઘેર ગયા તો પ્રતિમાજી બહાર કાઢેલાં તૈયાર હતાં તે વખ સર્વ ભાઈએ ઉચ્ચાર કર્યો કે. આતો જૈન પ્રતિમાજી છે, તે વખતે દરશન કરીને જૈન ભાઈઓએ કહ્યું કે. આ પ્રતિમા જી આપણા જૈન દેરાસરમાં લઇ જઇએ એવો વીચાર કરી પ્રતિમાજીને વીસ પચીસ જણ મળી ઉપાડવા માંડયા પણ ક્ષણ માત્ર ઉપડયા નહી તે વખતે સર્વના મનને વીચાર થયો કે સાથી પ્રતિમાજી ઉપડતાં નથી તપાસ કરો જે જ ગ્યાએથી પ્રતિમાજી કાઢેલ તે જગ્યા તપાસવા ગયા. તપાસ

કરતાં માલુમ થયુ કે જગ્યા તો ઘણી સંકોચ (સાંકડી) છે ને પ્રતિમાજીનુ બીંબ તો ઘણુજ મોટુ છે. ને જમીન બરાબર પલાંઠી છે ને બીજો ભાગ (ઉપરનો) ભોડાના ચણુતરમાં છું. ને તે ઘર સં. ૧૯૫૫ ની સાલમાં નવીન કરેલુ છે ને તે ઘર કરનાર હાકરડો પણુ હયાત છે તો આ પ્રતિમાજી ઘણીજ ચમતકારીને આ બેહુબ છે. તો પ્રભુની ઈચ્છા કાંઈ રાવળીઆને અપાવવાની હશે એવું અનુમાન કરી શા. નાથાલાલ દેવચંદ તથા શા. લાલચંદ ખેમચંદ તથા શેઠ નાથાલાલ ઘેલાશા તથા મુખી ઉમેદદાશ ગીરધરદાશ તથા પા. જેરદાસ કાળીદાસ તથા પા. બેઈનાદાસ લાલદાસ વીગેરે મળી રાવળને બોલાવી કહ્યું કે પ્રભુજી તારે ઘેર પ્રગટ થયા માટે અમારે ગામ આગેવાનોને તને ખુશી કરવા વીચાર છે. તો તારી શી મરજી છે ત્યારે તે ગરીબ કોમના માણુસ હોવાથી કાંઇ પણુ પૈસા લેવાની લાલચ જણુાવી જેથી આગેવાન લોકોએ રૂ ૪૦) અંકે ચાલીસ કલદાર આપવા નક્કી કરી મુખીની કબુલત આપી ત્યાર પછી આગેવાન તરફથી શા. નાથાલાલ દેવચંદ પ્રભુ આગળ જઈ વિનંતી કરી કે હે પ્રભુ અમારા અહો ભાગ્યે. આપ અહીં પ્રગટ થયા જેથી અમારા ગામની તમામ પ્રજાનાં સંકટ દૂર થયાં વળી રાવળને પણુ આપ પસાયથી ખુસી કર્યો છે તો હવે અમારા પાંચ જણુથી આપ ઉપડશો તેવુ કહી પાંચ જણે જીનેશ્વરની દેહે હાથનો સ્પર્ષ કરી પાલખી રૂપે

ધારણ કરેલા ખાટલામાં ઉપાડી પધરાવી ઘણા ઠાઠ માઠથી ગાજ તેવાજ તે પુર્વદીશા બજાર વચ્ચે થઈ ઘણા હર્ષ પુર્વક જૈન દેરાસરમાં પધરાવ્યાં તે વખતે ભગવાનનો પખાલ કરવા (દુધ અભીસેક) માટે ગામના લોકો પાસે દુધ મંગાવી પખાલનો અભીશેક કરી નીરમળ જળથી નવરાવી પ્રથમ પુજાનો ચડાવો કર્યો તેમાં શેઠ છોટાલાલ મુળચંદની માતુશ્રી બાઈ પરસને રૂ ૫૧) અંકે એકાવન કલદાર આપી પ્રથમ પુજાનો લાભ લીધો ને પુજા થઇ રહ્યા પછી આરતી તથા મંગળદીવાનો ચડાવો કરી સોની મોતીલાલ મગનલાલે રૂ. ૨૫) અંકે પચ્ચીસ કલદાર આપવા કરી આરતી તથા મંગળદીવાનો લાભ લીધો છે બાકી રૂ. ૬) છ કલદાર પરચુરણ ચડાવાના થયા છે તે ચડાવા કરનાર દસમો વિશાનું સંપ્રદાયના છે એકંદર રૂ. બ્યાસી કલદાર તે વખતે ચડાવાના થયા હતા. પુજા આરતી વીગેરે સંપુરણ થઇ રહયા પછી શેઠ નાથાલાલ દેવચંદે આસપાસના ફરતાં ગાંમ વડુ તથા રેંગુચા તથા બુલાસણ તથા કલોલ વિગેરના જૈનભાઇઓને પ્રતીમાજી ઓળખવા માટે માણસ ચાર મોકલેલાં તે વખતે ગામ વડુના જૈનભાઈઓ શ્રી વિતરાગના દર્શનના લાભ અરથે ઘણા આનંદ સહીત વહેલા પધારેલા તેમણે સેવા પુજા કરી જીનેશ્વરનુ નામ ઓળખવા સારૂ શા. અમીચંદ ફુલચંદ તથા શા. ઈશ્વરલાલ નાનચંદ બન્ને જણે બરાબર નીહાળી લંછન જોવા માં

ડયા પણ નળ્યા આખે બરાબર ઓળખાયુ નહી એટલે શેઠ છોટાલાલ મુળચંદના ઘેરથી દુરબીન મંગાવી બરાબર તપાસ કર્યો તો કેશરી શીહનુ લાંછન બરાબર જણાવ્યું. તે ઉપરથી આતો શ્રી ચોવીસમા તિર્થંકર શ્રી મહાવીર સ્વામીજી (વીર ભગવાન) પોતેજ છે એવો બન્નેજણે ઉચ્ચાર કર્યો એટલે તો આખા ગામમાં વિર જીનેશ્વરનો જય જયકાર શબ્દ વપરાઈ રહ્યો.

ત્યાર પછી નવ અંગે પુજા કરી બહાર આવી કહ્યું કે આ પ્રતિમાજી સંપતી રાજાની ભરાવેલી ઘણીક ચમત્કારીક મુર્તી છે. ને રાવળીઆના ઘેરથી નીકળ્યા પછી જે જે ચમતકાર તેજ દીવસે થયેલા તે નીચે મુજબ

૧ પ્રથમ ચમત્કાર એકે ચણુતરમાંથી પ્રતીમાજી નીકળ્યાં

૨ બીજો ચમત્કાર એ કે જગ્યાનુ માપ થોડુ ને પ્રતિમાજીનુ બિંબ મોટુ

૩ ત્રીજો ચમત્કાર એકે પાનસરમાં ઢોરો ઉપર રોગ ચાલતો હતો તે જયારથી ભગવાન નીકળ્યા તેજ ઘડીથી સુખ સાન્તી થઈ રોગ બંધ થયો છે.

૪ ચોથો ચમતકાર એ કે જૈન દેરાસર જીર્ણ હતુ તે નવુ કરાવી તૈયાર શ્રાવણ સુદી ૮ ને શનીવારના દીવસે તૈયાર થયુને શ્રાવણ સુદી ૯ ને રવીવારના દીવસે પ્રભુજીએ તેજ પ્રકાશ્યું

૫ પાંચમો ચમત્કાર રાવળના ત્યાંથી પ્રભુજી નીકળ્યા પછી પ્રથમ વીસ પચીસ જણે ઉપાડવા માંડયા પણ ઉપડયા નહી

૬ છઠ્ઠો ચમત્કાર પ્રતિમાજી કેસરના લેપન સહીત નીકળ્યાં.

તો સર્વ જનભાઇઓને વિનંતી કરવામાં આવે છે કે શ્રી વિર પરમાતમાની આવી બે હુબ ચમત્કારી મુર્તિનો દર્શન નો લાભ લેવા ભુલવુ નહી એવી શેવકની પ્રાર્થના છે—

કંકોત્રી પત્ર

કુમ કુમ કારી લખુ આ કંકોત્રી જૈન સંઘ સ્વામી ભાઇ
આપ વેગે વેલા આવજો

કળીયુગમાં જૈન ધર્મ સોહામણો ધન્ય ધન્ય મહાવીર પ્રતાપ વે.
પાનસર આનંદથી ઉસળી રહ્યું સુભ ઉજવળ
શાવણ માસ વેગે વહુલા.

જૈન સાસન શોભા દીપાવશો સુદી નેમ રવીવાર ખાસ વેગે.
ઘર જૈન વણીકનાં ત્રણ છે પણ રાખે ઘણી સારવાર વેગે૦
જલા તેજા રાવળ તણા ઘેર થયો અચળ ચમત્કાર વેગે૦
વરણુ અઢાર આવે છે. ભાવથા અનોપમ નીર ખવારૂપ વેગે૦
માગ જ્યાનું જોતાં છે, સાંકડુ મહાવીરનુ પોઢ સ્વરૂપ વેગે૦
શેઠ છોટાલાલ સુબચંદની. માતુશ્રી જે બઈ પ્રછન વેગે૦
લાવ લીધો પ્રથમ પુજા તણો આપી રૂપીઆ એકાવન વેગે૦
સોની મોતીલાલ મગનલાલે કીધી આરતી મંગળવાર વેગે૦

આપ્યા રૂપીઆ પચીસ સોકડા લીધો ભાવ તે અપરમપાર વેગે૦
પાનસર જાણે પલટાઈ ગયું. થયું અસલ પાના પુર શહેર વેગે૦
સંઘ આવે છે દેશ વિદેસના. થાય ઓછવ આનંદ ભેર વેગે૦
ભાવે ભેટશે વીરને જે જનો તેનો સફળ થશે અવતાર વેગે૦
સંઘ સકળ ને કેસવ વીનવે વદો વીરનો જય જયકાર વેગે૦

પાનસર મહાવીરજીન સ્તવન રાગ લાવણી.

ધન્ય ધન્ય દીવસને ધન્ય ઘડી છે આજ,
પાનસર બીરાજ્યા મહાવીર મહારાજ;
પ્રભુ કાને કુંડળ મસ્તકે મુગટસોહે,
રૂપ દેખી અનોપમ ભવીજનનાં મન મોહે;
દરસનના કારણે હોંસ ધરી સો આવે,
ધ્યાતાના બનવા ધ્યેય ભાવના ભાવે
કેસર ચંદનને જાઈ કેતકી સારી,
પુજા નવ અંગે કરો સદા નરનારી;
જાત્રા નરનારી ભાવ ધરીને કરશે,
ભવભવનાં પાતીક જાય દાઝ સહુ સ[illegible];
સેવકપર કરજો મહેર દયી દીલધારી,
કરજોડી કેસવ ગાય ગુંણ સુખકારી.

મહાવિરજીન સ્તવન. સુંદર સામળીયા

પાનસર સુખકારી, પ્રગટયા જીનવરરાયા;
આનંદ દીન આજે કેસર વરણી કાયા. પાનસર ટેક
ફરતા ગામનો સંઘ તેડાવો, ગામ વડુની મંડળી આવે;

સિંહ લાંછન પાય જણાવે; વીરજીનેશ્વર નામ સુણાવે;
ભાવે પ્રભુ ભેટયા. પાનસર૦ ૧
તુંમપર જાઉં વારીવારી, સુરતી વીરની મોહનગારી;
જાત્રા હોંસે કરો નરનારી, વરતે આનંદ જયજયકારી;
કેસવ તુજ ગુણ ગાયા. પાનસર૦ ૨

મહાવીરજીનનું સ્તવન.

મહાવીર મંદીરે મજેથી તાળી આપતાંરે એ રાગ.
ભવી ચાલોને સુભાવે વીરને વંદવારે
જીનવર ઉપગારી પ્રગટયા છે પાનસર ગામ. ભવી. ટેક

સાખી.

પાયામાંથી નીસર્યા જલા રાવળના ઘેર
આબાદી ઘરની રહી એ મોટી છે મહેર
ખંતી જનોના પુન્ય પસાએ નીકળ્યારે
પ્રભુજીએ દીધાં છે સાૈને દરશન ધામ ભવી૦ ૧

સાખી.

ત્રીસલા કુખે ઉપન્યા સીધારથ કુળનંદ
ધન્ય છે મહારાજા ઘણો ઉછવે અતી આનંદ
માતા ત્રીસલા કુખે ઉપન્યું કુળ અજવાળીયુંરે
કેસર વરણી નીરખી પ્રતક્ષ વીરની કાય. ભવી૦ ૨

સાખી.

સુખ મુદ્રા ઝળકી રહી કેવા દીસે મહારાજ

વીરનાં દરીસન કરતાં સુધરે સર્વે કાજ
સુખડું જોતાં વીરનું જાય છે ભવીનું દુઃખડુંરે
મારા આંગણ પ્રગટ્યા ચોવીસમા જીનરાય ભવી૦ ૩

સાખી.

કેસર ચંદન પુષ્પથી રચીએ પુજા સાર
ભવીભાવથી પુજશે ઉતરશે ભવપાર
પ્યારા નેહ નજર નીહાળી સુમતી આપજોરે
અખુટ ખજાનામાંથી દીજીએ વંછીતદાન ભવી૦ ૪

સાખી.

ભવ અટવીમાં આથડાયો ગતી અનંતીવાર
કેસવ કરજોડી કહે તાર્યો મેઘ કુમાર
અર્જુન માળીને ઉગાર્યો સ્વામી માહરારે
તેવી રીતે તારો દાસ બને ગુલતાન ભવી૦ ૫

શ્રી વીરેશ્વરજીન સ્તવન.

તીરથની આશાતના નવી કરીએ એ રાગ.

વીરજીનેશ્વર સાંભળો મોરઅરજી
હાંરે મોરી અરજીરે મોરી અરજી
હાંરે પ્રભુ ભવજળ તરવાની મરજી
હાંરે સુણો દીનદયાળ. વીરજીનેશ્વર૦ ૧
તુજ મુરતીના નામને જાઉવારી
હાંરે વીભુ અકળકળા અતી તારી

હાંરે દીન સેવકને લ્યો ઉગારી
હાંરે અતી આણીને વહાલ   વીરજીનેશ્વર૦ ૨
દાસ જાણી પ્રભુ તાહરો સુખ દીજે
હાંરે મારી આપદા સઘળી હરીજે
હાંરે પામી નરભવ લાહો લીજે
હાંરે આપો મુક્તીની માળ   વીરજીનેશ્વર૦ ૩
કરૂણા નીધી કરૂણા કરો દીલધારી
હાંરે મેવા મુક્તીના દયો ભયવારી
હાંરે કરો સુખીયા સદા નરનારી
હાંરે કહે કેસવલાલ   વીરજીનેશ્વર૦ ૪

શ્રી૦ મલીજીનનું સ્તવન

શ્રી૦ સંખેશ્વરા પ્રભુ પાર્શ્વ જીન વરા. એ રાગ.
શ્રી મલ્લી જીનપતી કરૂં હું વીનતી
કરો કૃપાજીનાથ પ્યારા થાય સુખ અતી
હું છું પાપી સેવક તારો સાંભળ હે ભગવંત
ભવ બહુ ભટકી સરણે આવ્યો કરવા ભવનો અંત   શ્રીમલ્લી ૧
મે અભાગી દુષ્ટ સેવકે કીધા વાંક હજાર
માફ કરી માહારાજ અમોને ઉતારો ભવપાર   શ્રીમલ્લી. ૨
ગતી ચારમાં હું બહુ ભટક્યો કાળ અનંતીવાર
પણ નવી પામ્યો દરસન તારૂં સાંભળ હે કીરતાર   શ્રીમલ્લી ૩
પરદારા દેખી હું પાપી લલચાણો બહુવાર

તેહજ પાપે દુઃખ બહુ ખમીયો નરકની ગોદ મોઝાર શ્રીમલ્લી ૪
પુરવ ભાગ્યે તમોને પામ્યા ભક્તવત્સલ જીનરાજ
મુખ મુદ્રાના દરસન કરતાં સફળ થયો દીન આજ શ્રીમલ્લી ૫
નરકની ગોદે હું બહુ ભટકી આવ્યો તાહરી પાસ
મહેર કરીને સાહેબ મારી પુરો મનની આશ શ્રીમલ્લી ૬
દેવ મનુષ્યમાં વાર અનંતી ભોગવીયા ઉપભોગ
તોપણુ પાપી તૃપ્તી ન પામ્યો કર્મ તણો એ રોગ શ્રીમલ્લી ૭
બેકર જોડી શીશ નમાવી અતી આણીને વહાલ
શીવ સુખ લેવા સેવક તારો કહે છે કેસવલાલ શ્રીમલ્લી ૮

શ્રી૦ બાવીસમા નેમીનાથજીનું સ્તવન

તું સાંભળ સંચર મારી મુજપર વેસ્યાનો યારી એ રાગ.
વારી વારી ચરણુ ચીનધારી નમું નેમીનાથ સુખકારી
પ્રભુ બાવી સમા જીનરાયા માતા શીવાદેવીના જાયારે
તોરી સુરતિ મોહનગારી નમું નેમીનાથ સુખકારી ૧
તોરી ધનુષ્ય દસની કાયા પ્રભુ શંખ લાંછન પાયરે
છે અકળ કળા અતી તારી નમું નેમીનાથ સુખકારી ૨
તમે ત્રણુ ભુવન ભગવંત મુજ રંકનો કરો ભવ અંતરે
દીન સેવક લ્યો ઉગારી નમુ નેમીનાથ સુખકારી ૩
કૃપાનાથજી કરૂણા કરજ્યો મુજ અરજી આ ઉર ધરજોરે
ભવ દધીથી લ્યો ઉગારી નમુ નેમીનાથ સુખકારી ૪
શીરનામી સદા સુભ ભાવે દાસ કેસવ તુજ ગુણુ ગાવેરે
પ્રભુ સદા કરો જયકારી નમું નેમીનાથ સુખકારી ૫

શ્રી મહાવીરજીનનુ સ્તવન

હે જગ પાળુ વીનતી અમારી એ રાગ

દીનદયાળુ મહાવીરસ્વામી
સેવક ઉભા વીનતી કરે શીરનામી દીન૦ ૧
જાલીમ જનમનું દુઃખડું નીવારી
મંગળ કાર્ય કરોને મોરારી દીન૦ ૨
મોહનગારી સુરતિ રસીલી
મુજ મન મંદીર છેલ છબીલી દીન૦ ૩
ભવસાગર ઝટ તારો કૃપાળુ
તુજવીણુ તારક જગમાં ન ભાળું દીન૦ ૪
દક્ષ દયાળુ જીન અવદાતા
શાંન્તી ફેલાવી કરો સુખ શાતા દીન૦ ૫
તારક જીનજી જગત ઉપગારી
ભવ દરીએથી સેવક લ્યો ઉગારી દીન૦ ૬
ભ્રષ્ટ મતિ અતી જીનપતી મારી
સન્મતિ આપી હરો દુઃખ ભારી દીન૦ ૭
અસરણ સરણે પ્રભો ગુણ ધામી
કેસવદાસ નમે શીર નામી દીન૦ ૮

શ્રી૦ મુની સુવ્રત સ્વામીનું સ્તવન

સોળમા સાંનીનાથ સ્વામી હું તમચરણે પાય નમું છું શેવક શીરનામી એ રાગ.

વીસમા મુનિ સુવ્રતરાયા (૨) માત પદમા વતિ કુલનંદન
શ્યામ વરણ કાયા. વી. ૧
નગરી રાજગ્રહી કહાવે (૨) આયુ ત્રીસ સહસ ભોગવી
વરીયા શીવ ભાવે વીસમા ૨
તુમ શું લાગી પ્રીત સ્વામી (૨) શેવક ઉભા અરજ
કરે છે સાંભળ ગુણ ધામી વીસમા ૩
જીનેશ્વર આશા પુરો મહારી (૨) નેહ નજરથી આપ
નીહાળો દુઃખ દોહગવારી વીસમા ૪
જન્મને મરણ તણા તાપા (૨) વાર અનંતી મેં બહુ
વેઠયા મહિર કરી કાપો. વીસમા ૫
સરણ એક આપ તણું જાણું (૨) કેસવ કહે હરદમ
જીનેશ્વર સેવી સુખ માણું. વીસમા ૬

શ્રી સિતલ નાથજીનું સ્તવન છંદ લલીત.

સિતળ નાથજી સુંણ વીનતી તુજ પસાયથી જાય વીપતી
સરણ માહરે એક તાહરૂં પરમ ભાવથી વંદના કરૂં ૧
કપટ કુડમાં અતી રમ્યો, લક્ષચોરાંશીના ફેરમાં ભમ્યો
ભવાનધી હવે શીપરે તરૂં પરમ ભાવથી વંદના કરૂં ૨
નરક વેદના મેં ઘણી સહી વરત નીયમો આદર્યા નહિ
અચળ તાહરૂં ધ્યાન હું ધરૂં પરમ ભાવથી વંદના કરૂં ૩
પલક એકમાં પાપ સંહરો અરજ કેસવની ધ્યાનમાં ધરો
ભજન તાહરૂં આજ ઉચરૂં પરમ ભાવથી વંદના કરૂં ૪

શ્રી નેમ રાજુલ સંવાદ.

ઉઠોને પીતાશ્રી શોકને તજીરે   એ રાગ.

રાજુલ— વગર ગુન્હાએ સીદ પરહરીરે
કેમ તોરણું આવીને ઝાલ્યો પંથ
કહો કંથ.

અરજ સુણોને સ્વામી માહરારે
નેમ— પશુ પોકાર સુણીને રથ ફેરવ્યોરે
મુજ પરણવાંથી થશે પશુઘાત
સુણો વાત.

સંસાર અસાર નર્ક ખાણ છેરે
રાજુલ— દીધી કરૂણા ત્રીજંચ પશુ ઉપરેરે
તેવી રાજેમતી જાણી ગ્રહો હાથ
જદુનાથ.

અષ્ટ ભવની પ્રીતીને સીદ પરહરોરે
નેમ— માત પીતા દારા સર્વે સ્વાર્થનાં સગાંરે
પણ સાચો મારે તારણ સંયમ ભાર
જાણો નાર.

ગીરનારે જવાને સાથે સંચરોરે
રાજુલ— પ્યારા પરણીને સંસાર સુખે ભોગવીરે
પછી ઉપાડીશું સંયમ સુખકાર

સાચો પ્યાર

આશા પુરણ કરોને પીયુ માહરીરે
નેમ— અષ્ટ ભવંતર રાખી પ્રીતી તુમ પરેરે
નવમે ભવ આવ્યો છે તુંમ દાવ
લાવો ભાવ
પલટાએ તો થાસે નહિ છુટકોરે
રાજુલ મીઠો લાગ્યોરે વૈરાગ્ય મુજને ઘણોરે
પ્રીતમ સાથે આવું ધરી ધર્મનું ધ્યાન
ભુલી ભાન
સંજમ આદરી સીવ વધુને મળુંરે ॥ ઇતિ

શ્રી. મહાવીરજીન સ્તવન.

પીનાજી આ શો તમે કોપ કર્યો એ રાગ.

અહો મહાવીર તમે છો કૃપાળ
કરે પ્રાર્થના શીર નામી આ બાળ
અતીચાર માંહી ભમ્યો હું અપાર
જન્મ મરણ તાપો સહ્યાં કીરતાર અહો૦ ૧
કરો રહેમ દ્રષ્ટી હવે જીનરાજ
બળે ક્રુર કર્મો રહે મુજ લાજ અહો૦ ૨
કરૂં વંદના હું સુણો જગપતી
મતી ભ્રષ્ટ મારી સુધારો અતી અહો૦ ૩
રટે નામ તારૂં તે સુખને વરે
કહે કેસવો ભવ સાયર તરે અહો૦ ૪

આરતી

જય દેવ જય દેવ પ્રભુ વર્દ્ધમાન દેવા ॥પ્ર૦॥
હરનીશ રટણા તારી॥ હુંગા આપોગુણ સેવા જય૦
શીધારથનાનંદ જય જગના સ્વામી (પ્રભુજય)
નમન અમારૂ તમને ॥ ન ૦॥ ગીરૂવા ગુણધામી. જય
માત ત્રીશલા આપ ખત્રી કુંડરાયા (પ્રભુ૦ ખ૦)
લાંછન સીંહ બીરાજે સુવર્ણ કાયા જયદેવ જયદેવ
નેહ નજરથી નાથ નીહાળો ત્રાતા (પ્રભુ૦)
ચારગતી હુરવારી, દીજે સુખ સાતા. જયદેવ
પંચમી આરતી નાથ પાપ પટલ હરીએ પ્રભુ૦
પ્રિતમ તુજ પ્રતાપે ભવ દધી તરીએ જયદેવ
સેવક જાણી દયાળ કુમતીને કાપો (પ્રભુ૦ કુ૦)
બાળ તમારો કેશવ અભયપદ આપો. જયદેવ

જીવ્યો કોણ.

છપ્પો.

કરે સુપાત્રેદાન માન મુનીજનને દેવે
કરે પરમાર્થે કામ નામ મહાવિરનું લેવે
રળે નિતીથી નીત પ્રીત સજ્જન પર રાખે
પડે ગમે તે દુઃખ પેણ જુઠું નહી ભાખે
પરનારી મા બેન સમ પરધન કથીરજ જાણીયું
કહે કેસવ તે જીવીયો શીયળ સાચવી રાખીયું.

સમાપ્ત.

જાહેર ખબર

સરવે જૈનભાઇઓને વીનંતી કે આ ચોપડીને તેમ રઝળતી મુકવી નહિ કારણ કે જ્ઞાનની અશાતના ને અસાતના થવાથી જ્ઞાના વર્ણીય કર્મ બંધાય છે.

મળવાનું ઠેકાણું.

મુ. વડુ તા. કડી પોસ્ટ ડાંગરવા

શા. કેશવલાલ મગનલાલ ગુલાબચંદ તથા શા. નગીનદાસ છગનલાલ મુ. વડરમા તાબે-મેસાણા.

